Date :- 12-03-2024
Divya Bhaskar, Page-04, Surat

**શુભ શરૂઆત • પાઠ્યપુસ્તકની સાથે જૂનાં પેપરોની પણ તૈયારી કરનારા ખૂબ જ સારો દેખાવ કરી શક્યા: નિષ્ણાતોનો મત**

# ધો-10માં પ્રથમ ભાષા ને ધો-12માં નામાનાં મૂળતત્વોનાં પેપરો સરળ રહ્યાં પણ ફિઝિક્સે વિદ્યાર્થીઓને મથાવ્યા

## બોર્ડનાં ત્રણેય પેપરોમાં પરીક્ષાર્થીઓની હાજરી 99 ટકાથી ઉપર રહી

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

સોમવારથી ગુજરાત બોર્ડની ધો. 10 અને ધો.12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શરૂ થઈ હતી. ધો.10માં પ્રથમ ભાષા પરીક્ષામાં 82,010માંથી 81,223 વિદ્યાર્થી હાજર અને 787 ગેરહાજર રહ્યા હતા. આમ, 99.04% હાજરી હતી. ધો.12 સામાન્ય પ્રવાહમાં નામાના મૂળતત્વોની પરીક્ષામાં 39,480માંથી 39,206 વિદ્યાર્થી હાજર અને 274 ગેરહાજર રહેતા હાજરી 99.31% રહી હતી તેમજ ધો.12 વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનમાં 18,445માંથી 18, 268 વિદ્યાર્થી હાજર અને 177 ગેરહાજર રહેતા હાજરી 99.04% રહી હતી. ધો.10ની પ્રથમ ભાષા અને ધો.12ની નામાના મૂળતત્વોમાં પાઠ્ય પુસ્તકમાંથી તૈયારી કરનારા વિદ્યાર્થીઓને પેપર સહેલું લાગ્યું હતું. જોકે, ધો.12 વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનમાં વિદ્યાર્થીઓમાં મિશ્ર માહોલ દેખાયો હતો.

## 46 પરીક્ષાર્થીને પોલીસે બાઇક પર બેસાડી કેન્દ્ર પહોંચાડ્યા



ઘણાએ એડવાન્સમાં કેન્દ્ર જોયું ન હતું તો ઘણા પાસે વાહનો ન હોવાથી પોલીસે સેવા આપી હતી.

### ધો-10: જૂના પ્રશ્નો રિપિટ, 50%થી વધુ બુકમાંથી

શિક્ષક દેવલ નાયકે કહ્યું કે પેપર સરળ રહ્યું છે. જેમણે પાઠ્યપુસ્તકનો ખૂણે ખૂણો વાંચ્યો હશે તેમજ જૂના પેપરોની તૈયારી કરી હશે તેમને ફાયદો થયો હશે. અગાઉ પુછાયેલા ઘણા પ્રશ્નો રિપિટ કરવામાં આવ્યા હતા.

### ધો-12 સાયન્સ: હિલિયમની જગ્યાએ હાઇડ્રોજન લખાયું

શિક્ષક પુલકિત ઓઝાએ કહ્યું કે પેપર મધ્યમ હતું. અગાઉ પુછાયેલા પ્રશ્નો ફરી પુછાયા હતા. ત્રણેક એમસીક્યુ સમય માંગી લે તેવા હતા. 29 નંબરમાં ભૂલ હતી. ડાબી બાજુ ઇક્વેશનમાં હાઇડ્રોજનને સ્થાને હિલિયમ હોવું જોઈએ.

### ધો-12 કોમર્સ: C, D અને F પ્રમાણમાં સરળ રહ્યા

શિક્ષક હિરેન ભાવસારે કહ્યું કે પેપર સરળ હતું. વિભાગ ઇમાં પ્રશ્ન લાંબો હતો. પેપર પાઠ્યપુસ્તકમાંથી હતું અને ઘણા પ્રશ્નો રિપિટ હતા. તેજસ્વી વિદ્યાર્થી 90થી વધારે, મધ્યમ 70 સુધી અને નબળા 50 સુધી માર્ક્સ લાવી શકે છે.

### લાજપોર અને નવસારી જેલના 28 કેદીએ પણ પરીક્ષા આપી

લાજપોર અને નવસારી જેલ ખાતે કેન્દ્ર બનાવાયું હતું, જેમાં લાજપોર જેલમાં 13 અને નવસારી જેલના 3 એમ 16 વિદ્યાર્થીઓએ ધો.10ની પરીક્ષા આપી હતી. એ જ રીતે લાજપોર જેલના 9 અને નવસારીના 2 એમ 13 વિદ્યાર્થીઓએ ધો.12ની પરીક્ષા આપી હતી.

## કેન્દ્રો આસપાસ ભારે ટ્રાફિક, વાલી-વિદ્યાર્થી અકળાયા



ઘણાખરા કેન્દ્રો આસપાસ ભારે ટ્રાફિકજામનાં દૃશ્યો સર્જાયા હતા. ખાસ કરીને પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓ અને વાલીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.




### મેટ્રોએ ઠેર-ઠેર સ્કૂલનાં નામ અને હોર્ન નહીં વગાડવાનાં બોર્ડ મૂક્યાં

પરીક્ષા સ્થળે મેટ્રોની કામગીરી ચાલતી હોય ત્યાં ઠેર-ઠેર સ્કૂલનાં નામનાં અને હોર્ન નહીં વગાડવાનાં બોર્ડ મેટ્રોએ લગાડ્યાં હતાં. ઉપરાંત પોતાના 4 માણસોને પણ મૂક્યા હતા. આખો દિવસ મેટ્રોની કામગીરીમાં ઉપયોગમાં લેવાતી લોડેડ ટ્રકનો પણ ઉપયોગ થયો ન હતો.